# 12 પ્રવાસીઓના મોત પછી, બીજી બોટ ઈંગ્લીશ ચેનલને પાર કરવાનો પ્રયાસ કરતી જોવા મળી

**લોકોથી** ખીચોખીચ ભરેલી બોટ પર કેટલાક લોકોને હવાવાળી ટ્યૂબ પર બેસાડી દેવાયા હોવાનું જણાયું

**મોટાભાગના** લોકોએ કેસરી રંગના લાઇફ જેકેટ પહેરેલા હતા અને તેમના પગ નીચે લટકતા હતા



ફ્રાન્સના વિમેરેક્સમાં સ્લેક ટેકરાના બીચ પર ફ્રાન્સની પોલીસ અને જેન્ડરમેસ અધિકારીઓના સઘન પેટ્રોલિંગ વચ્ચે પણ બ્રિટન પહોંચવા માટે ઈંગ્લીશ ચેનલ પાર કરવાનો પ્રયાસ કરી રહેલા માઇગ્રન્ટ્સ લોકોથી ભરાયેલી એક હવાથી ફુલાવાતી ડિંગીમાં સવાર થવાનો પ્રયાસ કરતાં તસવીરમાં નજરે પડે છે.

વિમરૌક્સ, તા. 04 (એપી) : બોટ અકસ્માતમાં 12 ઈમિગ્રન્ટ્સના મૃત્યુના એક દિવસ પછી, એક અન્ય બોટ કેટલાક ડઝન લોકોને લઈને ઉત્તરી ફ્રાન્સથી બ્રિટન તરફ ઈંગ્લિશ ચેનલ પાર કરવાનો પ્રયાસ કરતી જોવા મળી હતી. એસોસિયેટેડ પ્રેસ પત્રકારો ઉત્તરી ફ્રાન્સના દરિયાકાંઠાના વિસ્તાર, અને મંગળવારના બોટ અકસ્માતના સ્થળની નજીક વિમરૌક્સના બીચ પર હાજર હતા, આ પત્રકારો લોકોને લઈ જઈ રહેલા બોટ અંગે જીવંત પ્રસારણ કરી રહ્યા હતા. આ બોટ એટલી ભરેલી હતી કે તેમાં સવાર કેટલાક લોકોને એકબીજાની નજીક હવાવાળી ટ્યૂબ પર બેસાડી દેવાયા હતા અને તેમના પગ લટકતાં હતા. ઘણાં લોકોએ ઓરેન્જ કલરના લાઈફ જેકેટ પહેરેલા જણાયા હતા. ફ્રાન્સના ધ્વજવાળી એક નાનકડી પેટ્રોલ બોટ જ્યારે આ બોટની નજીક પહોંચી ત્યારે તેના પર સવાર ક્રુ મેમ્બર્સે વધુ લાઈફ જેકેટ તેમાં સવાર લોકો પર ફેંક્યા હતા.

મંગળવારે ઈંગ્લિશ ચેનલને પાર કરવાનો પ્રયાસ કરતી વખતે બોટ પલટી જતાં 12 ઈમિગ્રન્ટ્સના મોત થયા હતા અને 61થી વધુને બચાવી લેવામાં આવ્યા હતા. ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર માઈગ્રેશન અનુસાર આ વર્ષે બ્રિટન પહોંચવાનો પ્રયાસ કરતી વખતે ઓછામાં ઓછા 30 માઈગ્રન્ટ્સ મૃત્યુ પામ્યા છે અથવા ગુમ થયા છે. યુકે હોમ ઓફિસના મંગળવારે અપડેટ કરાયેલા આંકડાઓ અનુસાર, છેલ્લા સાત દિવસમાં ઓછામાં ઓછા 2,109 ઈમિગ્રન્ટ્સે નાની હોડીઓમાં અંગ્રેજી ચેનલને પાર કરવાનો પ્રયાસ કર્યો છે.



મેક્સિકોના સિયુદાદ જુઆરેઝના બહારના વિસ્તારમાં એક ટ્રેન પાટા પરથી ઉતરી જવાના કારણે ઘણાં માઇગ્રન્ટ ઘાયલ થયા હતા. દુર્ઘટનાને પગલે ઘટના સ્થળે રાહત અને બચાવ કામગીરી કરી રહેલા પેરામેડિક્સ અને અધિકારીઓ તસવીરમાં જોવા મળે છે.

## પેજ 3

### મધ્યપ્રદેશ હાઈકોર્ટના આદેશને પગલે કંગનાની ‘ઈમર્જન્સી’ને બોમ્બે હાઈકોર્ટમાંથી કોઈ રાહત ન મળી



મુંબઈ, તા. 4 (પીટીઆઈ) : કંગના રાનૌતની ‘ઈમર્જન્સી’ ફિલ્મ 6 સપ્ટેમ્બરે નિર્ધારિત તારીખે રીલિઝ થવાની હતી, પરંતુ હવે રિલીઝ થઈ શકશે નહીં. બોમ્બે હાઈકોર્ટે બુધવારે સેન્સર બોર્ડને ફિલ્મને તરત જ પ્રમાણિત કરવાનો આદેશ આપીને કોઈ તાત્કાલિક રાહત આપવાનો ઇનકાર કર્યો હતો. જસ્ટિસ બી પી કોલાબાવાલા અને ફિરદોશ પૂનીવાલાની ડિવિઝન બેન્ચે કહ્યું હતું કે, તે મધ્ય પ્રદેશ હાઈકોર્ટ દ્વારા જારી આદેશને પગલે આ સ્તરે કોઈ તાત્કાલિક રાહત આપી શકે નહીં, જેમાં સેન્સર બોર્ડને ફિલ્મને પ્રમાણિત કરતાં પહેલાં વાંધાઓ પર વિચાર કરવા માટેનો આદેશ આપ્યો છે.

### કિરણ રાવની ‘લાપતા લેડીઝ’ જાપાનમાં રિલીઝ માટે તૈયાર



નવી દિલ્હી, તા. 4 (પીટીઆઈ) : ભારતીય બોક્સ ઓફિસ પર સમીક્ષકો દ્વારા સફળ પ્રદર્શન બાદ કિરણ રાવની ‘લાપતા લેડીઝ’ ઓક્ટોબરમાં જાપાનમાં રિલીઝ થવાની તૈયારીમાં છે. એવી જાહેરાત ફિલ્મ-નિર્માતાએ બુધવારે કરી હતી. રાવે ઇન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરી હતી હતી કે, ‘ ’’લાપતા લેડીઝ’ 4 ઓક્ટોબર, 2024થી જાપાનમાં જોવા મળશે! અમે જાપાનમાં શોચીકુ, જાપાન - અરિગાટો ગોઝાઈમાસુ દ્વારા અમારી થિયેટર રિલીઝ માટે ખૂબ જ ઉત્સાહિત છીએ!’’

### ટીવી-એક્ટ્રેસ નીતિ ટેલરે પુત્ર જન્મની જાહેરાત કરી, પણ માસી તરીકે



મુંબઈ, તા. 4 : જાણતી ટીવી-અભિનેત્રી નીતિ ટેલરે હાલમાં જ પુત્રના જન્મની જાહેરાત કરી છે. આવી સ્થિતિમાં લોકોએ માની લીધું હતું કે અભિનેત્રી માતા બની ગઈ છે, જોકે, તે માતા નહીં, પરંતુ માસી બની ગઈ છે. તેની મોટી બહેન અદિતિ પરભુએ એક બાળકને જન્મ આપ્યો છે. નીતિએ તેના ભત્રીજાના જન્મની જાહેરાત કરી અને તેના વિશે સુંદર વિગતો શેર કરી.

### રેણુકાસ્વામી હત્યા કેસમાં કન્નડ અભિનેતા દર્શન, અન્ય આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ



બેંગલુરુ, તા. 4 (પીટીઆઈ) : બેંગલુરુ પોલીસે બુધવારે રેણુકાસ્વામી હત્યા કેસમાં કન્નડ અભિનેતા દર્શન થૂગુદીપા સહિત 17 આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરી છે. બેંગલુરુના પોલીસ કમિશનર બી દયાનંદે અહીં પત્રકારોને જણાવ્યું હતું કે, આ કેસની તમામ ખૂણાઓથી તપાસ કરવામાં આવી હતી.3991 પાનાંની ચાર્જશીટ, જેમાં 231 સાક્ષીઓનાં નિવેદનોનો સમાવેશ થાય છે, તે 24મી એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોર્ટમાં સબમિટ કરવામાં આવી હતી.

દર્શન તેની મિત્ર પવિત્ર ગૌડા અને અન્ય 15 લોકો હાલમાં રાજ્યની જુદી-જુદી જેલોમાં ન્યાયિક કસ્ટડીમાં છે. પોલીસના જણાવ્યા અનુસાર, 33 વર્ષીય રેણુકાસ્વામીએ ગૌડાને અશ્લીલ સંદેશા મોકલ્યા હતા, જેનાથી ગુસ્સે થઇને કથિત રીતે દર્શને તેની હત્યા કરી નાખી.

# વિનેશ-બજરંગ રાહુલને મળ્યા, કોંગ્રેસની ટિકિટ પર હરિયાણાની ચૂંટણી લડે તેવી સંભાવના

**વિનેશ** ફોગાટ અને પુનિયા માટે અનુક્રમે જુલાના અને બાદલીની બેઠકો માટે વિચારણા ચાલી રહી હોવાનો ખુલાસો



નવી દિલ્હી, તા. 4 (પીટીઆઈ): રેસલર્સ બજરંગ પુનિયા અને વિનેશ ફોગાટ બુધવારે કોંગ્રેસના ભૂતપૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીને મળ્યા હતા અને સૂત્રોએ જણાવ્યું હતું કે, તેઓ પાર્ટીની ટિકિટ પર આગામી હરિયાણા વિધાનસભાની ચૂંટણી લડે તેવી શક્યતા છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, ફોગાટ અને પુનિયા માટે અનુક્રમે જુલાના અને બાદલીની બેઠકો માટે વિચારણા ચાલી રહી છે. કોંગ્રેસે તેના ઓફિશિયલ એક્સ હેન્ડલ પર ફોગાટ અને પુનિયા સાથે ગાંધીનો ફોટો મૂક્યો હતો. એઆઈસીસીના જનરલ સેક્રેટરી ઈનચાર્જ હરિયાણા દીપક બાબરિયાએ મંગળવારે કહ્યું હતું કે, ગુરુવાર સુધીમાં બન્ને રેસલર્સની ઉમેદવારી અંગે સ્પષ્ટતા થઈ જશે.

# પુણેમાં ગણેશોત્સવ માટે સુવર્ણ મંદિરની પ્રતિકૃતિ બનાવતા પંડાલ સામે SGPCએ વાંધો ઉઠાવ્યો

**શિરોમણી** ગુરૂદ્વારા પ્રબંધક સમિતિએ તેને શીખોની લાગણીઓ ઉશ્કેરવાનું કૃત્ય ગણાવ્યું

અમૃતસર, તા. 4 (પીટીઆઈ) : શિરોમણી ગુરુદ્વારા પ્રબંધક સમિતિ (એસજીપીસી)એ પુણેના શિબિર વિસ્તારમાં ગણપતિ ઉત્સવ માટે સુવર્ણ મંદિરની પ્રતિકૃતિ બનાવતા પંડાલના નિર્માણ સામે વાંધો ઉઠાવ્યો છે અને તેને શીખ ભાવનાઓને ઉશ્કેરવાનું કૃત્ય ગણાવ્યું છે.

એસજીપીસી પ્રમુખ હરજિન્દર સિંહ ધામીએ અહીં એક રિલીઝમાં જણાવ્યું હતું કે, કેટલાક લોકો જાણીજોઈને ઐતિહાસિક શીખ પવિત્ર સ્થળોની નકલ કરી રહ્યા છે, જેનાથી સમુદાયની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચે છે.

હરજિન્દર સિંહે કહ્યું કે, પુણેમાં શીખ સમુદાય પાસેથી મળેલી માહિતી અનુસાર, આ મંડપ (પંડાલ) પૂણેના કેમ્પ વિસ્તારમાં ગણપતિ પૂજા માટે બનાવવામાં આવ્યો છે અને તે બિલકુલ હરમંદર સાહિબની પેટર્ન પર છે. હરજિન્દર સિંહે કહ્યું કે, આ કાર્યવાહી શીખ પરંપરાઓ, રીતિ-રિવાજો અને સિદ્ધાંતોની વિરુદ્ધ છે અને તેનાથી શીખ સમુદાયની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચી છે.

# TTE સાથે TMC ધારાસભ્યના દુર્વ્યવહારનો વીડિયો વાયરલ, પૂર્વ રેલવે કાનૂની પગલાં લઈ શકે

**ટીએમસી** ધારાસભ્ય એસી ચેર કાર ડબ્બામાં ધારાસભ્યનો સાથીદાર ટિકીટ વિના મુસાફરી કરતો હતો

**અન્ય** મુસાફરોએ વિરોધ વ્યક્ત કરતા ધારાસભ્ય કનાઇ મંડલે ટીટીઇ ઇચ્છે તો કોર્ટમાં જવા કહ્યું



કોલકાતા, તા. 4 (પીટીઆઈ) : પૂર્વી રેલવેએ બુધવારે જણાવ્યું હતું કે, તે તૃણમૂલ કોંગ્રેસના ધારાસભ્ય કનાઈ ચંદ્ર મંડલ સામે કાનૂની કાર્યવાહી કરવાની વિચારણા કરી રહી છે.

કારણ કે, તેણે ટ્રેનમાં મુસાફરી કરતી વખતે ટ્રાવેલિંગ ટિકિટ એક્ઝામિનર (ટીટીઈ) સાથેની કથિત ગેરવર્તણૂક કરી હતી. જેનો એક કથિત વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે.

વીડિયોની પ્રામાણિકતા પીટીઆઈએ સ્વતંત્ર રીતે ચકાસેલ નથી, તેમાં એસી ચેર કારના ડબ્બામાં સહ-યાત્રીઓ મંડલના સાથીદારનો કથિત રીતે માન્ય ટિકિટ વિના મુસાફરી કરી રહ્યા હોવાનો વિરોધ કરતા બતાવે છે અને ત્યાર બાદ થયેલા હંગામાના પગલે ધારાસભ્ય પોતાનો પિત્તો ગુમાવી દે છે. નાબાગ્રામના ધારાસભ્યને એક મુસાફર એમ પૂછતા સાંભળવામાં આવ્યું કે શું તે સરમુખત્યારશાહીમાં જીવે છે કે લોકશાહીમાં અને તેણે માત્ર ધારાસભ્ય હોવાને કારણે તેની ઈચ્છાઓને કચડવા માટે સ્પષ્ટતાની માંગ કરી.

અન્ય કેટલાક મુસાફરોએ પણ તેમને પૂછ્યું કે, શું કોઈ વ્યક્તિ ચેર કારના ડબ્બામાં માન્ય ટિકિટ વિના મુસાફરી કરી શકે છે. વીડિયોમાં ધારાસભ્યને એવું કહેતા સાંભળવામાં આવ્યા હતા કે તેણે કોઈ ખોટું કામ કર્યું નથી અને જો ટીટીઈ ઈચ્છે તો કોર્ટમાં જઈ શકે છે. ઈઆરના પ્રવક્તા કૌશિક મિત્રાએ જણાવ્યું હતું કે, સોમવારે માલદા-હાવડા ઈન્ટરસિટી એક્સપ્રેસમાં બનેલી ઘટના અંગે રેલવે મંડલ સામે કાયદેસરની કાર્યવાહી કરવાનું વિચારી રહી છે.




### આસામ: પાંચ બાંગ્લાદેશી ઘૂસણખોરોની ધરપકડ કરી પરત મોકલ્યા

ગુવાહાટી, તા. 4 (પીટીઆઈ) : આસામના કરીમગંજ જિલ્લામાંથી બુધવારે ચાર મહિલાઓ સહિત પાંચ બાંગ્લાદેશના નાગરિકોની ધરપકડ કરવામાં આવી હતી અને તેમને પાછા મોકલી દેવામાં આવ્યા હતા. એમ મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા સરમાએ જણાવ્યું હતું. પડોશી ત્રિપુરાથી કરીમગંજમાં ઘૂસવાનો પ્રયાસ કરતી વખતે આસામ પોલીસે તેઓને પકડી પાડ્યા હતા.

મુખ્યમંત્રીએ એક્સ પર પોસ્ટ કર્યું હતું કે, ‘‘અમારા આસામ પોલીસ કર્મચારીઓ ભારત-બાંગ્લાદેશ સરહદ પર સતત તકેદારી જાળવી રહ્યા છે અને ઘૂસણખોરીના પ્રયાસોને નિષ્ફળ બનાવવા માટે સતર્ક છે.’’ ‘‘ પાંચ બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરવામાં આવી હતી અને સાંજના કલાકોમાં પાછા ધકેલી દેવામાં આવ્યા હતા.’’

# પૂજા ખેડકરનું વિકલાંગતા પ્રમાણપત્ર નકલી હોઈ શકે છે : દિલ્હી પોલીસ

**મેડિકલ** ઓથોરિટી, અહમદનગર, મહારાષ્ટ્રએ દાવો કર્યો છે કે ખેડકરને વિકલાંગતા પ્રમાણપત્ર સિવિલ સર્જન ઓફિસ રેકોર્ડ્સ અનુસાર જારી કરવામાં આવ્યું નથી

નવી દિલ્હી, તા. 4 (પીટીઆઈ) : દિલ્હી પોલીસે હાઈકોર્ટને જણાવ્યું છે કે, ભૂતપૂર્વ આઈએએસ પ્રોબેશનર પૂજા ખેડકરે બહુવિધ વિકલાંગતા દર્શાવવા માટે બે વિકલાંગતા પ્રમાણપત્રો સબમિટ કર્યા હતા અને તેની તપાસમાં બહાર આવ્યું છે કે એક દસ્તાવેજ ‘બનાવટી’ અને ‘મનઘડંત’ હોઈ શકે છે.

દિલ્હી પોલીસે ખેડકરની આગોતરા જામીન અરજીના જવાબમાં આ રજૂઆત કરી હતી, જેમના પર છેતરપિંડી કરવાનો અને અન્ય પછાત વર્ગો (ઓબીસી) અને વિકલાંગતા ક્વોટાના લાભો ખોટી રીતે મેળવવાનો આરોપ છે.

એજન્સીએ જણાવ્યું હતું કે, ખેડકરે અનુક્રમે સિવિલ સર્વિસ પરીક્ષા-2022 અને સિવિલ સર્વિસ પરીક્ષા-2023 માટે બે વિકલાંગતા પ્રમાણપત્રો સબમિટ કર્યા હતા.

જોકે, ચકાસણી પછી જારી કરનાર મેડિકલ ઓથોરિટી, અહમદનગર, મહારાષ્ટ્રએ દાવો કર્યો છે કે જે ગતિ વિકલાંગતા, સાંભળવાની ક્ષતિ અને ઓછી દ્દષ્ટિ દર્શાવે છે તે પ્રમાણપત્ર સિવિલ સર્જન ઑફિસ રેકોર્ડ્સ અનુસાર જારી કરવામાં આવ્યું નથી અને વિકલાંગતા પ્રમાણપત્ર બનાવટી અને મનઘડંત હોવાની શક્યતા વધુ છે. એમ સ્ટેટસ રિપોર્ટમાં જણાવાયું છે.

આ મામલાની સુનાવણી 5 સપ્ટેમ્બરે થવાની છે.

ખેડકરે અનામત લાભો મેળવવા માટે યુપીએસસી સિવિલ સર્વિસ પરીક્ષા, 2022 માટેની તેમની અરજીમાં કથિત રીતે ખોટી માહિતી આપી હતી.

31 જુલાઈના રોજ યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુપીએસસી)એ તેણીની ઉમેદવારી રદ કરી હતી અને તેણીને ભવિષ્યની પરીક્ષાઓમાંથી દૂર કરી હતી. જોકે, પૂજા ખેડકરે તમામ આરોપોને નકારી કાઢ્યા છે.